<u>**આંક–૧ લગત હુકમ**</u>

ફરીયાદ હકીકત ધ્યાનમા લીધી. ઉપરોકત વિગતેનો ફર્સ્ટ ઓર્ડર ધ્યાનમા લીધો. હાલની ફરીયાદ પોલીસ દવારા એમ.વી.એકટ ગુન્હા અન્વયે દાખલ કરેલ છે. બનાવની તારીખ જોતા અને સજાની જોગવાઈ ધ્યાનમા લેતા, આ ગુન્હો બન્યા બાદ પોલીસના ધ્યાન ઉપર આવેલ છે અને ત્યારબાદ હાલની ફરીયાદ કોર્ટમાં રજુ કર્યાની તારીખ જોતા બી.એન.એસ.એસ. ની કલમ–૫૧૪ મુજબ કોગ્નીજન્સ લેવાની સમય મર્યાદા વીતી ગયા બાદ રજુ થયેલ છે. વિલંબ અંગે કોઈ કારણ કે ખુલાસો નથી. આ સંજોગોમા અત્રેની કોર્ટ દવારા કાયદાની નિયત કરેલી સમય મર્યાદા બાદ ગુન્હા અંગે કોગ્નીજન્સ લઈ શકે નહીં અને આરોપી સામે ટ્રાયલ શરૂ કરી શકાય નહી. જેથી હાલનો કેસ આગળ ચાલવાપાત્ર નથી. સબબ ફરીયાદ પક્ષે સાંભળ્યા. હાલનો કેસ બી.એન.એસ.એસ.ની કલમ–૫૧૪ મુજબ કોગ્નીજન્સ લેવા સામે બાધ હોય, આજ રોજ સ્પેશ્યીલ મેજીસ્ટ્રેયલ સીટીંગમા ફેસલ કરવામા આવે છે.

હુકમ આજ રોજ નેશનલ લોક અદાલતમા જાહેર કર્યો.

**તા. ૧૩/૦૯/૨૦૨૫**
સ્થળઃ વડોદરા.

**(રાહુલ સચદેવા)**
૪મા જયુડી.મેજી.ફર્સ્ટ કલાસ,
કોડ નં. જીજે–૦૧૭૨૫